# ભારતીય જનતા પાર્ટી
## ગુજરાત પ્રદેશ
શ્રી કમલમ્

પ્રેક્ષા વિશ્વ ભારતીની સામે, કોબા સર્કલ-ગાંધીનગર રોડ, કોબા, ગાંધીનગર-૩૮૨૦૦૭ (ગુજરાત)

Phone : (079) 23276947, 23276948, 23276949 Fax : (079) 23276943 • Email : bjp.gujarat@gmail.com • Web : www.bjpgujarat.org


**પ્રેસનોટ:-03** **તા.05-10-2021**

આજે ૫ ઓકટોબરના રોજ હાર્દિકા ફાઉન્ડેશનના ઉપક્રમે " પસ્તી દાન થી વિદ્યાદાન" અભિયાન અંતર્ગત ગુજરાત ભાજપ પ્રદેશ અધ્યક્ષશ્રી સી.આર. પાટીલ સાહેબના વરદ હસ્તે જરૂરિયાતમંદ વિદ્યાર્થીઓને નિશુલ્ક નોટબુક વિતરણ કાર્યક્રમ ભારત માતા ટાઉન હોલ, કલોલ ખાતે યોજાઈ ગયો

---

યુવાનો દેશની દિશા અને દશા બદલી શકે છે. આવા સમાજસેવી અને સમાજ ઉપયોગી અભિયાનો માટે યુવાનો સંગઠિત થઈને આગળ આવે તે આવશ્યક અને સમાજ હિતમાં જરૂરી પણ છે. - શ્રી સી.આર. પાટીલ

---

"પસ્તી દાન થી વિદ્યાદાન " અભિયાન ના પ્રેરક બળ શ્રી દિલીપદાદા દેશમુખ છે. તેઓએ અંગદાન ચેરીટેબલ ટ્રસ્ટની સ્થાપના કરી અંગદાન પ્રત્યે લોકોમાં જાગૃતિ કેળવાય તે માટે સઘન અભિયાન આદર્યું છે. - શ્રી સી.આર. પાટીલ

---

દિલીપદાદા દેશમુખજીની  સમાજ પ્રત્યેની નિષ્ઠા અને સદભાવનાના પરિણામે માત્ર ૨૪ કલાકમાં જ ૨ લાખ લોકોએ સોશિયલ મીડિયા પર અંગદાન માટે સંકલ્પ લીધો છે. - શ્રી સી.આર. પાટીલ

---

પ્રધાનમંત્રીશ્રી નરેન્દ્રભાઇ મોદીએ આપેલા "સેવા હી સંગઠન" ના સંકલ્પને પરિપૂર્ણ કરવા ૧૭ સપ્ટેમ્બર તેમના જન્મદિન થી જ ૭ ઓકટોબર સુધી ભાજપા " સેવા અને સમર્પણ " અભિયાન ઉજવી રહ્યું છે. - શ્રી સી.આર. પાટીલ

---

પ્રધાનમંત્રીશ્રી નરેન્દ્રભાઇ મોદીના મુખ્યમંત્રી તેમજ પ્રધાનસેવક તરીકે સમાજ સેવાના પૂર્ણ થતા ૨૦ વર્ષના કાર્યકાળના સંદર્ભે આ ૨૦ દિવસ વ્યાપક રીતે લોકો લાભાન્વિત થાય તે મુજબના સેવા કાર્યો થઇ રહ્યા છે. - શ્રી સી.આર. પાટીલ

---

પ્રધાનમંત્રીશ્રી નરેન્દ્રભાઇ મોદીની જનસેવાની સંકલ્પશક્તિના પરિણામે આજે અસંખ્ય લોકો પ્રધાનમંત્રી જન આરોગ્ય યોજના હેઠળ રૂ. પાંચ લાખ સુધીનું આરોગ્ય કવચ મેળવી રહ્યાં છે. - શ્રી સી.આર. પાટીલ

---

ભારતીય જનતા પાર્ટી
ગુજરાત પ્રદેશ
શ્રી કમલમ્
પ્રેક્ષા વિશ્વ ભારતીની સામે, કોબા સર્કલ-ગાંધીનગર રોડ, કોબા, ગાંધીનગર-૩૮૨૦૦૭ (ગુજરાત)
Phone : (079) 23276947, 23276948, 23276949 Fax : (079) 23276943 • Email : bjp.gujarat@gmail.com • Web : www.bjpgujarat.org

કેન્દ્રની ભાજપા સરકાર દ્વારા સમાજના તમામ વર્ગોને સ્પર્શતી જુદી જુદી ૪૪૦ જેટલી લોક કલ્યાણની યોજનાઓ કાર્યરત છે, આ યોજનાઓ તમામ ગરીબો, વંચિતો અને જરૂરિયાતમંદ લોકો સુધી પહોંચે તેવા સંનિષ્ઠ પ્રયાસો આપણે સૌ એ કરવા જોઈએ. - શ્રી સી.આર. પાટીલ

જ્યારે કોઈપણ પરિવારમાં કમાનાર પુરુષનું આકસ્મિક અવસાન થાય ત્યારે તે પરિવાર જીવન નિર્વાહ ચલાવવા માટે લાચાર બની જતો હોય છે, આ માટે માત્ર રૂ. ૧૨ માં રૂ. ૨ લાખનો વીમો પૂરો પાડીને પ્રધાનમંત્રી શ્રી નરેન્દ્રભાઇ મોદીએ  આવા પરિવારોને આત્મસન્માન સાથે જીવી શકાય તે માટેનો માર્ગ કંડારી આપ્યો છે. - શ્રી સી.આર. પાટીલ

પ્રધાનમંત્રીશ્રી નરેન્દ્રભાઇ મોદીએ દેશને વૈશ્વિક સ્પર્ધામાં આગવી ઓળખ અપાવવાની સાથે સાથે દેશના નાગરિકોના જીવન ધોરણમાં આમૂલ પરિવર્તન લાવવા અખંડ યજ્ઞ આદર્યો છે. આપણે સૌ આ યજ્ઞમાં સેવાદાન થકી યશભાગી બનીએ. - શ્રી સી.આર. પાટીલ

ગાંધીનગર જિલ્લા ભાજપા મીડિયા વિભાગની અખબારી યાદીમાં જણાવ્યા પ્રમાણે આજે ૫ ઓકટોબરના રોજ હાર્દિકા ફાઉન્ડેશન ના ઉપક્રમે " પસ્તી દાન થી વિદ્યાદાન" અભિયાન અંતર્ગત ગુજરાત ભાજપ પ્રદેશ અધ્યક્ષ શ્રી સી.આર. પાટીલ સાહેબના વરદ હસ્તે જરૂરિયાતમંદ વિદ્યાર્થીઓને નિશુલ્ક નોટબુક વિતરણ કાર્યક્રમ ભારત માતા ટાઉન હોલ, કલોલ ખાતે યોજાઈ ગયો હતો.

આ કાર્યક્રમમાં હાર્દિકા ફાઉન્ડેશનને અભિનંદન આપતાં શ્રી સી. આર. પાટીલ સાહેબે કહ્યું હતું કે યુવાનો દેશની દિશા અને દશા બદલી શકે છે. આવા સમાજસેવી અને સમાજ ઉપયોગી અભિયાનો માટે યુવાનો સંગઠિત થઈને આગળ આવે તે આવશ્યક અને સમાજ હિતમાં જરૂરી પણ છે.  "પસ્તી દાન થી વિદ્યાદાન " અભિયાન ના પ્રેરક બળ શ્રી દિલીપદાદા દેશમુખ છે. તેઓએ અંગદાન ચેરીટેબલ ટ્રસ્ટની સ્થાપના કરી અંગદાન પ્રત્યે લોકોમાં જાગૃતિ કેળવાય તે માટે સઘન અભિયાન આદર્યું છે. તેમની કાર્યકુશળતા અને સદભાવના ના પરિણામે માત્ર ૨૪ કલાકમાં જ ૨ લાખ લોકોએ સોશિયલ મીડિયા પર અંગદાન માટે સંકલ્પ લીધો છે. ભાજપા હંમેશા લોકોને કઈ રીતે મદદરૂપ થઈ શકાય અને કઈ રીતે તેના જીવનમાં બદલાવ લાવી શકાય તે ધ્યેય સાથે સમાજ સેવામાં કાર્યરત હોય છે. પ્રધાનમંત્રીશ્રી નરેન્દ્રભાઇ મોદી સમગ્ર દેશના વિકાસ અને દેશ બાંધવોના દૈનિક જીવનમાં સુગમતા અને સુવિધાઓ ઉપલબ્ધ કરાવવા માટે નિરંતર કાર્યરત હોય છે. પ્રધાનમંત્રી શ્રી નરેન્દ્રભાઇ મોદીએ આપેલા "સેવા હી સંગઠન" ના સંકલ્પને પરિપૂર્ણ કરવા ૧૭ સપ્ટેમ્બર તેમના જન્મદિન થી જ ૭ ઓકટોબર સુધી ભાજપા " સેવા અને સમર્પણ " અભિયાન ઉજવી રહ્યું છે. પ્રધાનમંત્રીશ્રી નરેન્દ્રભાઇ મોદીના મુખ્યમંત્રી તેમજ પ્રધાનસેવક તરીકે સમાજ સેવાના પૂર્ણ થતા ૨૦ વર્ષના કાર્યકાળના સંદર્ભે આ ૨૦ દિવસ વ્યાપક રીતે લોકો લાભાન્વિત થાય તે મુજબના સેવા કાર્યો થઇ રહ્યા છે. તેઓએ કહ્યું હતું કે ૧૦૦ વર્ષ પહેલાં પણ અનેક સમાજ શ્રેષ્ઠીઓ અને દાનવીરો એ કરેલ પહેલના કારણે ગામડાઓ અને શહેરોમાં શિક્ષણ અને આરોગ્ય ક્ષેત્રે અનેક

પ્રેક્ષા વિશ્વ ભારતીની સામે, કોબા સર્કલ-ગાંધીનગર રોડ, કોબા, ગાંધીનગર-૩૮૨૦૦૭ (ગુજરાત)
Phone : (079) 23276947, 23276948, 23276949 Fax : (079) 23276943 • Email : bjp.gujarat@gmail.com • Web : www.bjpgujarat.org

શાળાઓ અને આરોગ્ય કેન્દ્રો સ્થાપીત થયા એ જનભાગીદારીના ઉત્તમ ઉદાહરણ છે. આ માટે આપણે સૌ એ પણ સમાજના કલ્યાણ માટે માત્ર સરકાર પર નિર્ભર રહેવાને બદલે સંગઠિત થઈને આવા અભિયાનને વેગ આપવો જોઈએ.

શ્રી પાટિલે સાહેબે જણાવ્યું હતું કે પ્રધાનમંત્રીશ્રી નરેન્દ્રભાઇ મોદીની જનસેવાની સંકલ્પશક્તિના પરિણામે આજે અસંખ્ય લોકો પ્રધાનમંત્રી જન આરોગ્ય યોજના હેઠળ રૂ. પાંચ લાખ સુધીનું આરોગ્ય કવચ મેળવી રહ્યાં છે. તેઓએ કહ્યું હતું કે કેન્દ્રની ભાજપા સરકાર દ્વારા સમાજના તમામ વર્ગોને સ્પર્શતી જુદી જુદી ૪૪૦ જેટલી લોક કલ્યાણની યોજનાઓ કાર્યરત છે, આ યોજનાઓ તમામ ગરીબો, વંચિતો અને જરૂરિયાતમંદ લોકો સુધી પહોંચે તેવા સંનિષ્ઠ પ્રયાસો આપણે સૌ એ કરવા જોઈએ. પ્રધાનમંત્રીશ્રી નરેન્દ્રભાઇ મોદીએ લારી ગલ્લા ચલાવતા છૂટક વેપારીઓ માટે પણ તેમના જીવન નિર્વાહમાં મદદ મળે તે માટે કોઈપણ જાતના જમીન વિના રૂ. ૧૦ હજાર સુધીની આર્થિક સહાય ઉપલબ્ધ કરાવી છે. દિવ્યાંગજનો પણ આત્મ સન્માન સાથે જીવી શકે અને સ્વનિર્ભર બને તે માટે આ યોજના અન્વયે તેમને આવકનું સાધન ઊભું કરવામાં મદદ કરી શકાય છે. પ્રધાનમંત્રી શ્રી નરેન્દ્રભાઇ મોદીએ નવસારી લોકસભા ક્ષેત્રમાં ૧૧ હજાર જેટલા દિવ્યાંગજનોને સાધન સહાય પૂરી પાડીને વિશ્વ રેકોર્ડ રૂપ કાર્ય કરેલ છે. આ ઉપરાંત તેઓએ કહ્યું હતું કે જ્યારે કોઈપણ પરિવારમાં કમાનાર પુરુષનું આકસ્મિક અવસાન થાય ત્યારે તે પરિવાર જીવન નિર્વાહ ચલાવવા માટે લાચાર બની જતો હોય છે, આ માટે માત્ર રૂ. ૧૨ માં રૂ. ૨ લાખનો વીમો પૂરો પાડીને પ્રધાનમંત્રી શ્રી નરેન્દ્રભાઇ મોદીએ આવા પરિવારોને આત્મસન્માન સાથે જીવી શકાય તે માટેનો માર્ગ કંડારી આપ્યો છે.

અંતમાં શ્રી પાટીલ સાહેબે કહ્યું હતું કે પ્રધાનમંત્રીશ્રી નરેન્દ્રભાઇ મોદીએ દેશને વૈશ્વિક સ્પર્ધામાં આગવી ઓળખ અપાવવાની સાથે સાથે દેશના નાગરિકોના જીવન ધોરણમાં આમૂલ પરિવર્તન લાવવા અખંડ યજ્ઞ આદર્યો છે. તેઓએ સર્વે ઉપસ્થિત નાગરિકો અને કાર્યકર્તાઓને અપીલ કરતા કહ્યું હતું કે આપણે સૌ આ યજ્ઞમાં સેવાદાન થકી યશભાગી બનીએ.

આ કાર્યક્રમમાં નગરપાલિકાના પ્રમુખ શ્રીમતી ઉર્વશીબેન પટેલ, સંઘના પુર્વ પ્રચારકશ્રી દિલીપભાઇ દેશમુખ, પાટણ જીલ્લાના પ્રભારીશ્રી ગોવિંદભાઇ પટેલ, ગાંધીનગર જિલ્લા/ કલોલ તાલુકા/ કલોલ શહેર ભાજપના હોદ્દેદારો, નગરપાલિકાના કાઉન્સીલરશ્રીઓ, જુદા જુદા સમાજના આગેવાનો, કાર્યકરો અને મોટી સંખ્યામાં વિદ્યાર્થીઓ, વાલીઓ ઉપસ્થિત રહ્યા હતા.

હાર્દિકા ફાઉન્ડેશનના સંસ્થાપકશ્રીઓ હર્ષભાઇ પટેલ અને શ્રી ભરતભાઈ સોલંકી અને સ્વયં સેવકોએ સમગ્ર કાર્યક્રમ વ્યવસ્થાપનને આખરી ઓપ આપ્યો હતો.

ડૉ.યજ્ઞેશ દવે
(પ્રદેશ મિડિયા કન્વીનર)